અપીલ અરજી નં.૮૩ તા.૨૪–૬–૦૯/૧૦

અરજદારઃ– પ્રમુખ/સેક્રેટરી શ્રી દેનાનિકેતન શોપર્સ એસોસીયેશન

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ પ્રમુખ/સેક્રેટરી શ્રી દેનાનિકેતન શોપર્સ એસોસીયેશનની આઈ ડી. નં.૫૨૦ તા.૨૪–૩–૦૯ ની અરજીથી રૂષભ ટાવરના બાંધકામ તથા લે આઉટ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠી , રૂષભ ટાવર તથા દહેરાસરની બાજુમાંનો રસ્તો છે કે કેમ? જો હોય તો તેની માલિકી કોની છે મોજે અડાજણના રે સ.નં.૪૭૨/૨/બ પૈકી નોંધાયેલ જમીન પૈકી રૂષભ ટાવર ઉપર મુકવામાં આવેલા ટાવર તથા હોર્ડીગની પરમીશન ખાતા તરફથી આપવામાં આવેલ છે કેમ? આપી હોય તો તેની તારીખ શોપર્સ એસોસીયેશન ધ્વારા બનાવવામાં આવેલ વરસાદી પાણીની પ્રોટેકશન દિવાલ કોના કહેવાથી તોડી પાડવામાં આવી છે તેની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૬–'૦૯ ની અપીલ અરજી નં.૮૩/૨૦૦૯–૧૦

પ્રમુખ/સેક્રેટરી શ્રી દેનાનિકેતન શોપર્સ એસોસીયેશનની આઈ ડી. નં.૫૨૦ તા.૨૪–૩–૦૯ ની અરજીથી રૂષભ ટાવરના બાંધકામ તથા લે આઉટ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠી , રૂષભ ટાવર તથા દહેરાસરની બાજુમાંનો રસ્તો છે કે કેમ? જો હોય તો તેની માલિકી કોની છે મોજે અડાજણના રે સ.નં.૪૭૨/૨/બ પૈકી નોંધાયેલ જમીન પૈકી રૂષભ ટાવર ઉપર મુકવામાં આવેલા ટાવર તથા હોર્ડીગની પરમીશન ખાતા તરફથી આપવામાં આવેલ છે કેમ? આપી હોય તો તેની તારીખ શોપર્સ એસોસીયેશન ધ્વારા બનાવવામાં આવેલ વરસાદી પાણીની પ્રોટેકશન દિવાલ કોના કહેવાથી તોડી પાડવામાં આવી છે તેની વિગતની માહિતી આપવા બાબતે અમુક બાબત સંતોષકારક ખુલાસો થતો ન હોવાથી એપેલેટ ઓફિસરને તા.૨૪–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૬ તા.૭–૭–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને તથા અરજદારને સંતોષકારક ખુલાસો થતો ન હોવાથી કરેલા દાવાના સમર્થનમાં કયા મુદ્દા અંગે અને કઈ બાબતે સંતોષકારક ખુલાસો જણાતો નથી અને તેના દાવના સમર્થનમાં આધાર પુરાવા અને વાજબીપણું રજૂ કરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદારે અપીલ સાથે તથા અપીલ તબકકે તક આપવા છતાં કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૪–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ ની રૂષભ ટાવરના બાંધકામ તથા લે આઉટ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠી સિવાયની મુદ્દા નં.૨ થી ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે અમુક બાબતમાં સંતોષકારક ખુલાસો થતો ન હોવાથી અપીલ કરેલ છે. જે અંગે અપીલ પશ્ચાત અરજદારને તા.૭–૭–૦૯ ના રોજ પત્ર પાઠવી તક આપવા છતાં કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ થી ૫ ની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ હોઈ તે અંગે કોઈ હુકમકરવાનો રહેતો નથી જયારે ઉપરોકત જણાવ્યા અનુસાર મુદ્દા નં.૧ અંગે નહીં પૂરી પડાયેલી માહિતી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ..... જાણ તથા અમલ માટે

(૨) પ્રમુખ/સેક્રેટરી શ્રી દેનાનિકેતન શોપર્સ એસોસીયેશન